## જન્મદિને વધામણી



નયનાબેન નારણભાઈ પટેલ (વેસ્ટર્ન એગ્રી સીડ્સ)



મહેશભાઈ ભટ્ટ
પ્રમુખ, ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર મર્ચન્ટ એસોસિએશન, સેક્ટર-૨૧
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪



જયવીર શર્મા
નેશનલ કબડ્ડી કોચ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા
મો. ૯૦૯૯૦ ૨૬૮૯૭



ઝલક સતીશકુમાર પ્રજાપતિ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

માર્ચ-૨૦૧૮થી અમલ કરાશે

# ધો-૧૧ની સાયન્સ પરીક્ષાનું માળખું બદલવામાં આવ્યું

### વાલીઓ અને વિદ્યાર્થીઓની રજૂઆત બાદ ફેરફાર જાહેર કરાયો

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ-૧૧ સાયન્સની પરીક્ષા પદ્ધતિમાં ફરી એકવાર ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. જે મુજબ હવે એપ્રિલ-૨૦૧૭ અને ત્યારબાદના વર્ષોમાં લેવાનારી પરીક્ષામાં ૫૦ ટકા પ્રશ્નો ʼસ્ઈ આધારિત અને ૫૦ ટકા પ્રશ્નો નિબંધલક્ષી રાખવાનું નક્કી કરાયું છે. રાજ્ય સરકારે સેમેસ્ટર સિસ્ટમ રદ કરાયા બાદ ધોરણ-૧૧ સાયન્સની પરીક્ષા લેવાની જવાબદારી સ્કૂલોને સોંપી પરીક્ષાનું નવું માળખું ઘડ્યું હતું. નવા માળખા પ્રમાણે વાર્ષિક પરીક્ષામાં ૨૫ ટકા પ્રશ્નો હેતુલક્ષી અને ૭૫ ટકા પ્રશ્નો વર્ણનાત્મક પ્રકારના રખાયા હતા. જોકે આ માળખા સામે વાલીઓ અને વિદ્યાર્થીઓએ સરકારમાં રજૂઆત કરતા ફરી તેમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૯થી ૧૨માં સેમેસ્ટર સિસ્ટમ રદ કરવાનો નિર્ણય લેવાયો હતો. સરકારે સેમેસ્ટર પદ્ધતિ રદ કરતા પરીક્ષા પદ્ધતિમાં પણ ફેરફાર કર્યો હતો.

સેમેસ્ટર સિસ્ટમ રદ થયા બાદ ધોરણ-૧૧ સાયન્સમાં વાર્ષિક પરીક્ષા લેવાની જવાબદારી ફરીથી સ્કૂલોને સોંપવામાં આવી હતી. ઉપરાંત પરીક્ષાનું નવું માળખું પણ તૈયાર કર્યું હતું. નવા માળખા પ્રમાણે ધોરણ-૧૧ સાયન્સની વાર્ષિક પરીક્ષામાં ૨૫ ટકા પ્રશ્નો હેતુલક્ષી અને ૭૫ ટકા પ્રશ્નો વર્ણનાત્મક પ્રકારના રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ દરમિયાન બોર્ડ દ્વારા જુલાઈમાં ધોરણ-૧૧ સાયન્સ માટે તૈયાર કરેલા નવા માળખાને લઈને અનેક વાલીઓ અને વિદ્યાર્થીઓએ સરકાર સમક્ષ રજૂઆતો કરી હતી. આ રજૂઆતોના પગલે રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૧૧ સાયન્સની પરીક્ષાના માળખામાં ફેરફાર કરવાનું નક્કી કરાયું હતું. જેના પગલે શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૧ સાયન્સ માટે એપ્રિલ-૨૦૧૭ અને ત્યારબાદના વર્ષોમાં લેવાનારી પરીક્ષા પદ્ધતિ માટે નવું માળખું ઘડી કાઢ્યું છે.

નવા માળખા પ્રમાણે હવે ધોરણ-૧૧ સાયન્સની વાર્ષિક પરીક્ષામાં ૫૦ ટકા પ્રશ્નો ʼસ્ઈ (હેતુલક્ષી) પદ્ધતિથી અને ૫૦ ટકા પ્રશ્નો નિબંધલક્ષી (વર્ણનાત્મક) પ્રકારના રહેશે. આ મુજબ વાર્ષિક પરીક્ષાના ૮૦ ગુણના પ્રશ્નપત્રમાં ૪૦ ગુણ ʼસ્ઈ અને ૪૦ ગુણ નિબંધલક્ષી પ્રકારના પ્રશ્નો રહેશે તેમ બોર્ડના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે ધોરણ-૧૧ સાયન્સમાં આંતરિક મૂલ્યાંકન ૨૦ ગુણનું રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૧ સાયન્સમાં વર્ગ બઢતીના નિયમો યથાવત્ રાખ્યા છે.

# બીસીએ કોલેજના વિદ્યાર્થીઓએ ATOSમાં પ્લેસમેન્ટ મેળવ્યું



ગાંધીનગર, તા. ૧૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા KSV અને ATOSના સહયોગથી કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાતની કુલ ૧૦ જેટલી યુનીવર્સીટી/કોલેજોએ ભાગ લીધો હતો. આ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ગુજરાતની વિવિધ પ્રતિષ્ઠિત કોલેજમાંથી કુલ ૧૪૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ રાઉન્ડ Online Aptitude test, દ્વિતિય રાઉન્ડ Group Discussion, તૃતીય રાઉન્ડ Technical Interview અને ચોથો રાઉન્ડ હ્યુમન રિસોર્સ એમ ચારેય રાઉન્ડના અંતે કંપની દ્વારા ૨૦ વિદ્યાર્થીઓને નોકરીની ઓફર કરવામાં આવી હતી જે પૈકી ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના સેમિસ્ટર-૫ના ૧૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. આ વિદ્યાર્થીઓને ૧.૬૨ લાખ વાર્ષિક પેકેજ મળશે. નોકરી મેળવતા આ તમામ વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી ખુબ ખુબ અભિનંદન આપવામાં આવ્યા છે. આ અંતર્ગત વધુ માહિતી આપતા કોલેજના પ્લેસમેન્ટ કોઓર્ડીનેટર્સ ડૉ. રીચા મહેતા અને પ્રો. પ્રિયંકા શાહે જણાવ્યું છે કે વિવિધ અભ્યાસક્રમોમાંથી કુલ ૧૪૮ પ્રતિસ્પર્ધીઓ હતા અને કુલ ચાર રાઉન્ડના અંતે ૨૦ વિદ્યાર્થીઓને નોકરી માટે પસંદ કરવામાં આવ્યા હતા. આ ૨૦ ફાઈનલીસ્ટમાં આ કોલેજના ૧૦ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. પસંદ થયેલ સર્વે વિદ્યાર્થીઓને કોલેજ પરિવાર ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

## ડાયરેક્ટ ❤ સે

જીવનમાં કંટાળો,
રસ્તામાં ઈંટાળો
હિસાબમાં ગોટાળો....
આ ત્રણ બાબતોને ટાળો
તો જ કંઈક ભાળો

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
ફોર્સ-૨
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
ફેન્ટાસ્ટિક બીસ્ટ્સ (હિન્દી, ૩ડી)
૪.૦૦, ૯.૪૫
ફેન્ટાસ્ટિક બીસ્ટ્સ (અંગ્રેજી, ૩ડી)
૧૦.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૫**
ફોર્સ-૨
૧૦.૦૦
તુમ બિન-૨
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

# જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ, ગાંધીનગર વિંગનો પાંચમા વર્ષનો શપથવિધિ સમારોહ આજે

### ડૉ. પરાગી જશવંત ગાંધી અને તેમની નવી ટીમ શપથ લેશે

ગાંધીનગર, તા. ૧૯

જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ, ગાંધીનગર વિંગનો પાંચમા વર્ષનો શપથવિધિ સમારોહ રવિવારે સાંજે સૅક્ટર-૨૫ ખાતે યોજાઈ રહ્યો છે. ફાઉન્ડર પ્રમુખ કેતન નિર્મલ અને પૂર્વ પ્રમુખ કેતન ભાવસારે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે નવા વર્ષ માટે સંસ્થાનાં પ્રમુખ ડૉ. પરાગી જશવંત ગાંધી અને તેમની નવી ટીમનો શપથવિધિ સમારોહ ગેઝીયા હૉલ, જીઆઈડીસી ખાતે સાંજે ૪ કલાકે યોજવામાં આવશે. આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે ઝોન-૭ પ્રમુખ ડૉ. ભુવન રાવલ, મુખ્ય વક્તા તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને મુખ્યમંત્રી કાર્યાલયના ખાસ ફરજ અધિકારી ભાગ્યેશ જ્હા, અતિથિ વિશેષ તરીકે પૂર્વ ઝોન પ્રમુખ જુગલકિશોર છાવછરિયા, કેતન નિર્મલ અને શપથવિધિ અધિકારી તરીકે ઝોન-૭ના વાઈસ પ્રેસિડેન્ટ સુનિલ ગંગવાણી ઉપસ્થિત રહેશે.

# બાળ સંરક્ષણ આયોગ દ્વારા વિદ્યાર્થી કસોટી



ગાંધીનગર, તા. ૧૯

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૯/૧ ખાતે ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ આયોગ દ્વારા એક કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૮ના ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પરીક્ષા વૈકલ્પિક પ્રકારના પ્રશ્નોની હતી, તેમાં બાળ સંરક્ષણ અંગેની સમજ આપતા કુલ ૫૦ પ્રશ્નો સમાવિષ્ટ હતા. પરીક્ષાના અગાઉના દિવસે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને બાળ સંરક્ષણ નિયમોની સમજ આપવામાં આવી હતી અને તેના આધારે વિદ્યાર્થીઓએ પરીક્ષામાં પોતાના ઉત્તારો આપ્યા હતા. પરીક્ષાના માધ્યમથી બાળકો પોતાના હકો વિશે માહિતગાર બન્યા હતા અને એક નવા વિષયની જાણકારી પણ તેમને પ્રાપ્ત થઈ હતી.

# ગાયત્રી પરિવારના અધ્યક્ષ ડો. પ્રણવ પંડ્યા આજથી ગુજરાતની મુલાકાતે

### દીવ ખાતે ગાયત્રી શક્તિપીઠના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉપરાંત સોમનાથની પૂજા-આરતીમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૦

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના અધ્યક્ષ, ડો.પ્રણવ પંડ્યા તા.૨૦ નવેમ્બરના રોજ દીવ ખાતે તૈયાર થયેલા ગાયત્રી શક્તિપીઠનાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ સાંજે પ્રસિદ્ધ અને પ્રથમ જ્યોર્તિલિંગ એવા સોમનાથ મહાદેવ મંદિર ખાતેની આરતીમાં પણ ઉપસ્થિત રહેશે. સોમનાથ ખાતે રાત્રિ રોકાણ કરશે. બીજા દિવસે, તા.૨૧મીએ સવારે ભગવાન સદાશિવની પૂજા-આરતીમાં ભાગ લેશે. સાથે જ અમદાવાદ સહિત રાજ્યભરમાંથી પણ ગાયત્રી પરિવારનાં ભાઈ-બહેનો દીવ, સોમનાથ અને કોડીનાર પહોંચી રહ્યાં છે. ડો. પ્રણવ પંડ્યા હરિદ્વાર ખાતેની દેવસંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના કુલાધિપતિ છે, તેમજ તાજેતરમાં તેમને સ્વચ્છતા અભિયાનનાં એમ્બેસેડર બનાવવામાં આવ્યા છે. ગંગાશુદ્ધિકરણ અભિયાન તેમજ દેશભરમાં જુદા-જુદા સ્થળોએ 'શ્રીરામ સ્મૃતિ ઉપવન'ના માધ્યમથી કરોડો વૃક્ષોનું રોપણ કરવાનું અભિયાન પણ ચલાવી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે ડો.પ્રણવ પંડ્યા કોડીનાર તાલુકાનાં અરણેજ ખાતે ગાયત્રી શક્તિપીઠનાં પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ ઉપસ્થિત રહેશે અને કોડીનાર ખાતે નૂતન ભવનનું ઉદ્‌ઘાટન કરશે. તેમજ વેરાવળ સોમનાથ ખાતે આવેલા ગાયત્રી શક્તિપીઠની પણ મુલાકાત લેશે. રાષ્ટ્રપતિએ ડો.પંડ્યાને સ્વચ્છતા અભિયાન માટે અભિનંદન પાઠવ્યા હતા. ગાયત્રી પરિવાર દ્વારા અગાઉ ગુજરાતમાં આવેલા નર્મદા પરિક્રમાનાં બંને કાંઠે મહિના સુધી લાંબી પદયાત્રા અને સ્વચ્છતા, વ્યસન મુક્તિ અભિયાન કરાયુ હતું.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા


લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### 'મારું મધુરું બાળપણ'

# રાજ લેજેન્ડ્સ ઓફ લેડી એડિના : વાંચવા ને વસાવવા જેવું પુસ્તક

**પુસ્તક પરિચય**
હરેન્દ્રસિંહ માટેડા

મૂળ ભારતીય લેખક એવા દામોદર શર્માની બહુ વખણાયેલી ઐતિહાસિક વિષયવસ્તુ પર આધારિત નવલકથા છે. આ તેમની પહેલી નવલકથા છે, જેનો સમયગાળો અને વિષયવસ્તુ બ્રિટિશ શાસનના ભારતમાં છેલ્લા દિવસો દરમ્યાન બ્રિટન, ભારત અને વિશ્વની ભૂમિ ઉપર ઘટેલી અગત્યની અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી ઘટનાઓ છે. લેખકે આ સત્ય ઘટનાઓને આધાર તરીકે લઈ તેમાં કલ્પનાના રંગો પૂર્યા છે અને ઈતિહાસની હકિકતો તથા તેની પશ્ચાદભૂ સચોટ તથા વિષદ રીતે રજૂ કરી છે.





નવલકથાની નાયિકા લેડી એડિનાના માધ્યમથી રજૂ થતી હકિકતો શૃંગારિક અને કામોદિપક છે, જે વાચક ઉપર પૂરી પકડ જમાવે છે. ઘણી જગ્યાએ રજૂ થયેલી હકિકતો ભયાનક અને વાચકને ચકિત કરી નાખનારી છે.

મુક્ત વિચારસરણી અને લિબરલ મોરલ ધરાવતી બુદ્ધિશાળી અને આધુનિક કહી શકાય તેવી એડિના ઓછા સમયમાં ભારત વિષે શક્ય તેટલી વધુ જાણકારી મેળવવા ઈચ્છા રાખે છે અને તે અર્થે પોતાના મસ્તિષ્કને કસે છે. પોતાને મળતી દરેક વ્યક્તિ ઉપર પ્રશ્નોનો વરસાદ વરસાવી દે છે.

ભારતમાં તેના આગમન પહેલાં જ દિવસની પ્રભાતે દિલ્હી ખાતેના વાઈસરેગલ પેલેસના તેમના બેડરૂમમાં ચ્હાનો કપ ઠંડો પડી રહ્યો છે, ચ્હા પર તર બાજી જાય છે ત્યારે લેડી એડિના નીચે ચાંદની ચોકમાં એક ઉત્સુકતાભરી લાંબી નજર નાખે છે. આ ઘડીએ તેના માનસપટ ઉપરથી દિલ્હીના ૨૫૦૦ વર્ષના ઈતિહાસની સીલસીલાબંધ હકિકતોનું વિશાળ અને ભયંકર ચિત્ર ખડું થાય છે. હકિકતોને રજૂઆત વાચકને એક જ બેઠકે આખી નવલકથા વાંચવાની ફરજ પાડે છે.

બ્રિટીશ સલ્તનતની પડતીની શરૂઆત - કલકત્તાથી રાજધાનીને દિલ્હી ફેરવી તે સાથે શરૂ થાય છે. દિલ્હીમાં પાંડવ રાજા યુધિષ્ઠિર સિવાય કોઈનું શાસન લાંબો સમય ચાલ્યું નથી તે હકિકત પણ વાચક સમક્ષ વિગતે રજૂ થાય છે. રાજધાની દિલ્હી ખસેડ્યા બાદ જ્યોર્જ પંચમનું અકાળે આકસ્મિક અવસાન થાય છે અને બ્રિટીશ સલ્તનતની પડતીની શરૂઆત થાય છે.

લેખક કોઈ નાની-વસ્તુ, ઘટનાને બીજ તરીકે પસંદ કરી વાચકોને કલ્પનાની પાંખે વિચારઆકાશમાં એવી તો સફર કરાવે છે કે વાચક રસતરબોળ થઈ જાય છે. લખાણની કમાલ એ છે કે કોઈપણ પ્રકરણથી વાંચવાની શરૂઆત કરે તો પણ તેનો રસાસ્વાદ સરખો જ માણી શકે છે. દરેક પ્રકરણ એ પછીનું પ્રકરણ વાંચવા માટેની કુતૂહલતા પેદા કરે છે એ આ નવલકથાની સૌથી મોટી સફળતા છે.

બ્રિટન અને હિન્દુસ્તાન એકબીજા સાથે લગભગ ત્રણ સદીઓ સુધી ખૂબ જ નજીકથી જોડાયેલાં રહ્યાં છે. આ સમયગાળા દરમિયાન બ્રિટનના લાખો લોકો અને ભારતના હજારો લોકોએ અરસપરસ એકબીજાના દેશમાં પ્રવાસ કર્યો છે, વસવાટ કર્યો છે. તદ્દન ભિન્ન સંસ્કૃતિ ધરાવતા દેશો એકબીજાની આટલી નજીક આવ્યા હોય એવો બીજો કિસ્સો માનવ ઈતિહાસમાં જોવા મળતો નથી. અને આ કિસ્સાની હકિકતોનો પશ્ચાદ ભૂમિકા જ પુસ્તકને રસિક પીઠબળ આપવામાં સફળ થાય છે. આવી અનેક હકિકતો આ પુસ્તકમાં સ્થાન પામી છે ને એ વાચકોને ગમી પણ જાય છે.

નવલકથાની નાયિકા લેડી એડિના ભારતના છેલ્લા વાઈસરોય લોર્ડ માઉન્ટબેટનના મદદનીશ સર વોલ્ટરનાં પત્ની તરીકે ભારત આવે છે, દિલ્હી ખાતે વાઈસરોય પેલેસના ઉપરના માળે પતિ સર વોલ્ટરના ઓફિશિયલ નિવાસસ્થાને રહે છે.

અહીં આવતા પહેલાં નાયિકાના મનમાં ભારત વિષે જુદા જ ખ્યાલો અને ધારણાઓ હોય છે, જે અહીં આવીને બદલાઈ જાય છે. એ અહીં આવીને અહીંની સંસ્કૃતિ, લોકો તરફ ખેંચાય છે અને દિલ, દિમાગ તથા દોલતથી ભારત દેશના પ્રેમમાં પડી જાય છે. ભારત પ્રત્યેનો તેમનો આ પ્રેમ જ તેમને ભારતના ટૂંકા નિવાસ દરમ્યાન ભારતભૂમિના પ્રત્યેક કણનો જોઈ લેવા ઉતાવળાં અને ભાવુક બનાવે છે; સમગ્ર ભારતને ખુલ્લી આંખે નિહાળી તેની વર્ષો પુરાણી સંસ્કૃતિનું પાન કરવાનું ઘેલું લગાડે છે; સૂતાં-જાગતાં, હરતાં-ફરતાં, બેસતાં-ઊઠતાં પ્રત્યેક ક્ષણે ભારતભૂમિનું પાન કરવા આતુર અને અશક્ત બનાવે છે.

ભારત ભૂમિ પ્રત્યેના પ્રેમની પરાકાષ્ટાના પ્રતીકરૂપે નવલકથાનું મંડાણ થાય છે અને કથા આગળ વધે છે. રમૂજ, હાસ્ય, સૂચના અને ગર્ભિત ચેતવણી સાથે નવલકથાની પૂર્ણાહુતિ થાય છે.

નવલકથાના પ્રત્યેક પ્રકરણની શરૂઆત ભારત વિષેની કોઈ ખાસ બાબતથી થાય છે. સામાન્ય દેખાતી બાબતની ભીતરની હકિકત ઉજાગર કરી લેખક વિશેષ પ્રકાશ ફેંકે છે અને વાચકને વિચારતા કરી દે છે એ અહીં લેખકની સફળતા છે.

'પ્રેયર મિટીંગ' પ્રકરણમાં ભારતની આઝાદીની અહિંસક લડતના સૂત્રધાર મહાત્મા ગાંધી સાથે વિવિધ દેશોના સાંસ્કૃતિક, રાજકીય વિચારસરણી ધરાવતા, વિવિધ ધર્મોના ૧૫ હજારથી વધુ લોકો સ્વયંભૂ શિસ્ત જાળવી શાંત ચિત્તે સર્વધર્મ પ્રાર્થના સભામાં ભાગ લે તે દશ્યનું વર્ણન લેખકે અદ્‌ભૂત કર્યું છે. આખુંય દશ્ય વાચકના માનસપટ પર સજીવ થઈ જાય એ કક્ષાનું આ લખાણ છે. પ્રાર્થના પછીનું બાપુનું દસ મિનિટનું ટૂંકું પ્રવચન દેશના અને વિદેશના પત્રકારો માટે પ્રેસ કોન્ફરન્સ બને છે તે હકિકત ઈતિહાસના વિદ્યાર્થીઓ, રસિકોને બાપુના વિશિષ્ટ છતાં સાદા-સીધા, સરળ અને દૈવી વ્યક્તિત્વમાં ડોકિયું કરવાની તક પૂરી પાડે છે.

નવલકથાનું છેલ્લું પ્રકરણ તો એકથી વધુ વખત વાંચવાનું મન થાય એવું છે. રઘુના પાત્ર દ્વારા વિદેશમાં અભ્યાસાર્થે જતા વિદ્યાર્થીઓનાં મનમાં બે ભિન્ન સંસ્કૃતિની મૂલવણી કેવી રીતે થાય છે તે અહીં સુપેરે દર્શાવાયું છે. અહીં વાચકો ઉત્તેજિત તો થાય જ છે પરંતુ સાથે-સાથે તેમને ચેતવણી પણ મળે છે વિદેશમાં અભ્યાસાર્થે જતા વિદ્યાર્થી સામેનાં ભયસ્થાનો અંગે ! ખરે જ, છેલ્લું પ્રસંગ આખીય નવલકથાની પરાકાષ્ટા સમાન બનાવવામાં લેખક સફળ થયા છે.

પ્રવાહી ભાષા, રસકિ પ્રસંગો અને લેખકની લેખન ઉપર પકડને કારણે વાચકોએ અવશ્ય વાંચવા જેવું આ પુસ્તક બન્યું છે.

પુસ્તકનું નામ : રાજ લેજેન્ડ્સ ઓફ લેડિ એડિના
ભાષા : અંગ્રેજી
કુલ પ્રકરણ : ૨૨, પાનાં : ૩૩૬
પ્રકાશક : વિન્ટેજ પ્રેસ, ન્યૂ યોર્ક

**લેખક વિશે**

લેખક દામોદર શર્મા એડિનબર્ગ, સ્કોટલેન્ડ વિશ્વવિદ્યાલયની અનુસ્નાતકની પદવી ધરાવે છે. તેમણે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન દિલ્હી ખાતે સિવિલ સર્વિસ અધિકારી તરીકે ફરજો બજાવી છે. ભારતીય સંસ્કૃતિ, ભારતીય તત્ત્વજ્ઞાન અને ઈતિહાસ તેમના રસના વિષયે છે. હાલ તેઓ બ્રિટીશ વિશ્વવિદ્યાલયોમાં હિન્દુત્વ, મહાત્મા ગાંધી, ભારતીય સંસ્કૃતિ અને ભારત સંબંધિત વિવિધ વિષયો ઉપર વ્યાખ્યાનો આપી રહ્યા છે. આ તેમની પ્રથમ નવલકથા છે.